સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS



91મો ઓસ્કાર એવોર્ડ્સ 2019


Balakot Airstrike 2019


ઉત્તરપ્રદેશના ગોરખપુરથી 'PM-KISAN' યોજનાનો શુભારંભ


ભારતના પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું લોકાર્પણ


ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (OIC)ના સંમેલનમાં ભારત ગેસ્ટ ઓફ ઓનર

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[FEB-MAR-2019]
[24/02 to 02/03]

# WEEK-09

**CURRENT**

- ભારતના 6 એરપોર્ટનું ખાનગીકરણ
- સુજલામ સુફલામ જળ અભિયાન 2019
- વીસ વર્ષ બાદ સીરિયા ISના આતંકથી મુક્ત
- મકાનો પરના GSTમાં ઘટાડો
- વિશ્વનો સૌથી મોટો જિયોલોજિકલ સફારી પાર્ક
- ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 6.6 ટકા

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 24 FEBRUARY, 2019 SUNDAY

## ➤ સુજલામ સુફલામ જળ અભિયાન - 2019નો તરણેતર ખાતેથી પ્રારંભ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **સુરેન્દ્રનગર** જિલ્લાના **તરણેતર** ખાતેથી રાજ્ય વ્યાપી **સુજલામ સુફલામ જળ અભિયાન – 2019**નો પ્રારંભ કર્યો હતો.

- ગુજરાતમાં વરસાદી પાણીનો વધુ સંગ્રહ થાય તે માટે વર્ષ 2018થી સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સૌપ્રથમ **2018** બાદ **2019**માં **બીજા વર્ષે** પણ આ જળ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.
- જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તરણેતરમાં આવેલા પ્રાચીન તળાવને ઊંડુ ઉતારવાની કામગીરીમાં શ્રમદાન કરીને આ જળ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.
- વર્ષ 2018માં ચલાવવામાં આવેલા આ અભિયાનમાં ગુજરાતના આશરે 14000 જેટલા તળાવોમાંથી 14000 લાખ ઘનફૂટ માટી કાઢવામાં આવી હતી.

### સુજલામ સુફલામ જળ અભિયાનના લાભ

(1) જળાશયોની સંગ્રહક્ષમતા વધતા ખેડૂતોને સિંચાઈ માટે વધુ પાણી ઉપલબ્ધ થશે.
(2) જળાશયોની સંગ્રહક્ષમતા વધતા ભૂતળના પાણીની સપાટી ઊંચી આવશે, જેથી પીવાના પાણીની તંગી નીવારી શકાશે.
(3) જળાશયોના કાંપથી ખેડૂતોની જમીન ફળદ્રુપ થશે.

**નોંધ :** સુજલામ સુફલામ જળ અભિયાન દરમિયાન તળાવોમાંથી નીકળતી કાંપવાળી માટી ખેડૂતોને વિના મૂલ્યે આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





## ➤ એશિયન હોકી પ્લેયર ઓફ ધ યર 2018

પ્રસિદ્ધ ભારતીય હોકી ખેલાડી **શ્રી મનપ્રીત સિંઘ**ની એશિયન હોકી ફેડરેશન દ્વારા **વર્ષ 2018**ના **એશિયન હોકી પ્લેયર ઓફ ધ યર એવોર્ડ** માટે પસંદગી કરવામાં આવી છે.

- જ્યારે ભારતના મહિલા હોકી ખેલાડી **સુશ્રી લાલરેમ્સીઅમી**ને વર્ષ **2018**નો **એશિયન હોકીનો રાઈઝિંગ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ** એનાયત થયો છે.

નોંધ : (1) શ્રી મનપ્રીત સિંઘ પંજાબના હોકી ખેલાડી છે. પંજાબના જાલંધર ખાતે તેમનો જન્મ થયો હતો.
(2) સુશ્રી લાલરેમ્સીઅમી મિઝોરમના મહિલા હોકી ખેલાડી છે. મિઝોરમના કોલાસિબ નામના ગામમાં તેમનો જન્મ થયો હતો.

## ➤ વીસ વર્ષ બાદ સીરિયા ISના આતંકથી મુક્ત



અમેરિકાના નેતૃત્વમાં સીરિયામાં આતંકવાદીઓ સામે લડતી અનેક દેશની સેનાએ સીરિયાના બાગુજમાં ISનો આખરી ગઢ ધ્વસ્ત કર્યો છે. અને ISના આશરે 2500 જેટલા આતંકીઓએ શરણાગતિ સ્વીકારી લીધી છે.

- આ સાથે જ સીરિયાને 20 વર્ષ બાદ ઈસ્લામિક સ્ટેટ (IS)ના આતંકથી મુક્તિ મળી છે.

### ISના આતંકનો પ્રારંભ

અબુ બક્ર અલ બગદાદી નામના આતંકવાદીએ 1999માં ઈસ્લામિક સ્ટેટ (IS)ની સ્થાપના કરી હતી.

- ઈસ્લામિક સ્ટેટનું પહેલું નામ 'ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ ધ લેવેન્ટ' હતું.
- ત્યાર પછી તેનું નામ 'ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા' (ISIS) રખાયું.
- અને અંતે તે ઈસ્લામિક સ્ટેટ (IS) તરીકે વિશ્વમાં કુખ્યાત થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ISનો આતંક

IS એ વિશ્વના 20 દેશોમાં 70 મોટા અને અનેક નાના હુમલાઓ કર્યા હતા.

- જેમાં કુલ 4.7 લાખ લોકોના મોત થયા હોવાનો નિષ્ણાતોનો મત છે.
- IS ઈરાક, સીરિયા સહિત 17 દેશોમાં સક્રિય હતું.
- તેના આતંકને કારણે પાંચ લાખ લોકોએ દેશ છોડીને ભાગવું પડ્યું હતું. અને આશરે 1 લાખ લોકો લાપતા થયા હતા.
- ISના કારણે આશરે 5 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

### ISનો ખાતમો

ISના ખાતમા માટે અમેરિકન ગઠબંધન સૈન્યએ ઈરાક અને સીરિયામાં ISના ઠેકાણા પર આશરે 30 હજાર જેટલા હવાઈ હુમલા કર્યા હતા.

- આ અભિયાનમાં અમેરિકા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, તૂર્કી અને સાઉદી અરેબિયા સહિત વિશ્વના આશરે 73 દેશો જોડાયા હતા.
- જોકે આ સંયુક્ત સૈન્યમાં રશિયા જોડાયું ન હતું.

## ➤ સશસ્ત્ર દળોના જોખમ અને હાડમારી ભથ્થામાં 30 ટકાનો વધારો

ભારતમાં કેન્દ્ર સરકારે સશસ્ત્ર દળોના જોખમ અને હાડમારી ભથ્થામાં 30 ટકાનો વધારો કર્યો છે.

- આ સાથે જ આ વધારા બાદ અધિકારી રેન્કના સૈનિકોને રૂ. 16,900ની જગ્યાએ હવે રૂ. 25,000 અને બીજા રેન્કના સૈનિકોને રૂ. 9,700ની જગ્યાએ રૂ. 17,300નું જોખમ અને હાડમારી ભથ્થું મળશે.

## ➤ 'તેજસ' ફાઈટર જેટના પ્રથમ મહિલા કો-પાયલટ સુશ્રી પી.વી. સિંધુ




ભારતના પ્રસિદ્ધ મહિલા બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી. સિંધુએ 23 ફેબ્રુઆરી, 2019ના રોજ 'એરો ઈન્ડિયા 2019'ના ચોથા દિવસે બેંગાલુરુના યેલાહાન્કા એર બેઝ ખાતેથી ભારતીય હવાઈ દળના લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'તેજસ'માં ઉડાન ભરી હતી.

- આ સાથે જ સુશ્રી પી.વી. સિંધુ 'તેજસ' એરક્રાફ્ટમાં ઉડાન ભરનાર સૌથી નાની વયના વ્યક્તિ તેમજ પ્રથમ મહિલા કો-પાયલટ બની ગયા છે.

નોંધ : (1) સુશ્રી પી.વી. સિંધુનું પૂરું નામ પુસર્લા વેંકટા સિંધુ છે.

(2) સુશ્રી પી.વી. સિંધુ તેલંગણાના મહિલા બેડમિન્ટન ખેલાડી છે. તેલંગણાના હૈદરાબાદ ખાતે તેમનો જન્મ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુજલામ સુફલામ જળ અભિયાન 2019નો કયાંથી રાજ્ય વ્યાપી શુભારંભ કરાવ્યો છે ?<br>(A) રાજકોટ (B) વીરપુર (C) તરણેતર (D) હાલોલ | (C) |
| 2. | તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તરણેતર ખાતેથી કેટલામા સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (B) |
| 3. | એશિયન હોકી પ્લેયર ઓફ ધ યર 2018 વિજેતા ભારતીય હોકી ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી સરદાર સિંઘ (B) શ્રી રુપિન્દર સિંઘ (C) શ્રી સંદીપ સિંઘ (D) શ્રી મનપ્રીત સિંઘ | (D) |
| 4. | એશિયન હોકી રાઈઝિંગ પ્લેયર ઓફ ધ યર 2018 વિજેતા ભારતીય મહિલા હોકી ખેલાડીનું નામ શું છે ?<br>(A) સુશ્રી નવજોત કૌર (B) સુશ્રી અન્નેલુમ્સડેન<br>(C) સુશ્રી લાલરેમ્સીઅમી (D) સુશ્રી એલ્વીરા બ્રીટો | (C) |
| 5. | મિઝોરમના પ્રસિદ્ધ મહિલા ખેલાડી સુશ્રી લાલરેમ્સીઅમી કઈ રમત સાથે સંકળાયેલા છે ?<br>(A) ફૂટબોલ (B) હોકી (C) ટેનિસ (D) બેડમિન્ટન | (B) |
| 6. | તાજેતરમાં વિશ્વનો કયો દેશ 20 વર્ષ બાદ ઈસ્લામિક સ્ટેટ (IS)ના આતંકમાંથી મુક્ત થયો છે ?<br>(A) ઈરાન (B) ઈરાક (C) લીબિયા (D) સીરિયા | (D) |
| 7. | તાજેતરમાં અમેરિકાના નેતૃત્વમાં સંયુક્ત સૈન્યએ સીરિયામાં કયા સ્થળે આવેલો ઈસ્લામિક સ્ટેટનો અંતિમ ગઢ ધ્વસ્ત કર્યો છે ?<br>(A) ગ્રોહ (B) રહજાન (C) બાગુજ (D) હમરા | (C) |
| 8. | 'તેજસ' ફાઈટર જેટમાં ઉડાન ભરનાર સૌથી નાની વયના વ્યક્તિ તેમજ પ્રથમ મહિલા કો–પાયલટનું નામ શું છે ?<br>(A) સુશ્રી પી.વી. સિંધુ (B) સુશ્રી સાનિયા મિર્ઝા<br>(C) સુશ્રી મિતાલી રાજ (D) સુશ્રી હરમનપ્રીત કોર | (A) |
| 9. | તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે સશસ્ત્ર દળોના જોખમ અને હાડમારી ભથ્થામાં કેટલા ટકાનો વધારો કર્યો છે ?<br>(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 40 ટકા | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 25 FEBRUARY, 2019 MONDAY

### ➤ મકાનો પરના GSTમાં ઘટાડો

24 ફેબ્રુઆરી, 2019ના રોજ શ્રી અરૂણ જેટલીની અધ્યક્ષતામાં મળેલી GST કાઉન્સિલની 33મી બેઠકમાં ભારતમાં નિર્માણાધીન મકાન પરનો GST દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.

- જ્યારે અફોર્ડેબલ એટલે કે સસ્તા ઘર પરનો GST દર 8 ટકાથી ઘટાડીને 1 ટકા કરવામાં આવ્યો છે.
- સરકારના આ નિર્ણયનો અમલ 1 એપ્રિલ, 2019 થી થશે.
- ભારતમાં જે મકાનનું કમ્પ્લિશન સર્ટિફિકેટ ઈશ્યુ થયું હોય તેવા મકાનો પર GST લાગતો નથી.
- આથી, અગાઉ 12 ટકા GST હોવાથી ઘર ખરીદનારા લોકો નિર્માણાધીન પ્રોપર્ટી ખરીદતા ન હતા.
- પરિણામે ભારતમાં મધ્યમ વર્ગના પરિવારોને લાભ થાય અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને રાહત મળે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## GST કાઉન્સિલ શું છે ?

GST કાઉન્સિલ એ ભારતમાં GSTના સંચાલન માટેની એક **Governing Body** છે.

- GSTના દરો તથા GST અંગેના રુલ્સ અને રેગ્યુલેશનનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- તેમાં **33 સભ્યો** હોય છે.
- કેન્દ્ર સરકારના **નાણામંત્રી** આ GST કાઉન્સિલના **અધ્યક્ષ** હોય છે.
- ભારતના **દરેક રાજ્યના નાણામંત્રી** તેના સભ્ય હોય છે.




ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ પ્રયાગરાજ કુંભમેળાના સફાઇ કર્મચારીઓની વંદના



24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**એ **ઉત્તરપ્રદેશ**ના **પ્રયાગરાજ**માં આયોજિત **કુંભ મેળામાં ગંગા, યમુના અને સરસ્વતી**ના ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું હતું.

- ત્યારબાદ તેમણે કુંભ દરમિયાન સફાઈ કરનારા કર્મચારીઓનો આભાર માનવા માટે **પાંચ સફાઈ કર્મચારીઓના** પગ ધોઈને, તેને નેપકીન વડે લુછ્યા બાદ સાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું હતું.
- આ પાંચ સફાઈ કર્મચારીઓમાં **બે મહિલા કર્મચારી**ઓનો પણ સમાવેશ થાય છે.

ફ્રી ટ્રાયલ લેક્ચર

નવી બેચ
07-03-2019
ગુરુવાર

Dy.SO
ડેપ્યુટી મામલતદાર
મુખ્ય પરીક્ષા
Chief Officer

- દરેક વિષયની ઊંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
- GPSC અને UPSCના મુખ્ય પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ
- ગુજરાતી અને અંગ્રેજીમાં ફન્ડામેન્ટલ સહિતની Writing Skill, Tricks એન્ડ ટેક્નિક
- જનરલ સ્ટડીના વિષયોની કરંટ અફેર્સ સાથે તૈયારી
- G.S.ના પેપરની શબ્દ મર્યાદા સાથે તલસ્પર્શી તૈયારી

Dy.SO/Dy.Mam. પ્રિલિમ્સમાં 70થી વધુ સફળ ઉમેદવારો

12 MOCK TEST SERIES

## ➤ ઉત્તરપ્રદેશના ગોરખપુરથી 'PM-KISAN' યોજનાનો પ્રારંભ



24 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઉત્તરપ્રદેશ**ના **ગોરખપુર** ખાતેથી **'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN)'** યોજનાનો શુભારંભ કર્યો છે.

- આ સાથે જ ભારતમાં પહેલા ઈન્સ્ટોલમેન્ટ તરીકે આશરે 1 કરોડ ખેડૂતોના ખાતામાં રૂ. 2000 જમા કરવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે.
- આ યોજના અંતર્ગત રાજ્યના કુલ ખેડૂત ખાતેદારોની સંખ્યા સામે **87 ટકા ખેડૂતોની નોંધણી**ના કારણે **ગુજરાત** સમગ્ર દેશમાં **પ્રથમ** છે.
- PM-KISAN યોજના અંતર્ગત **દર વર્ષે** આશરે **રૂ. 75,000 કરોડ** અને **આગામી દસ વર્ષમાં** આશરે **રૂ. 7,50,000 કરોડ** ખેડૂતોના બેંક ખાતામાં સીધા જ જમા કરવાની કેન્દ્ર સરકારની યોજના છે.

### PM-KISAN યોજનાનો ગુજરાતમાં પ્રારંભ

24 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની પ્રેરક ઉપસ્થિતિમાં **રાજકોટ** ખાતેથી **PM-KISAN** યોજનાનો ગુજરાતમાં શુભારંભ થયો હતો.

- આ અંતર્ગત **રાજકોટ** જિલ્લાના **મોવિયા ગામ**ના ખેડૂતના ખાતામાં સર્વ પ્રથમ રૂ. 2000નો હપ્તો ચૂકવાયો હતો.
- આ યોજના અંતર્ગત ગુજરાતના આશરે 42.47 લાખ ખેડૂતોને સન્માન નિધિ પેટે રૂ. 2000નો પ્રથમ હપ્તો ચૂકવાશે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### PM-KISHAN યોજનાનો ઉદ્દેશ

ભારતના નાના અને સીમાંત ખેડૂતોને દર વર્ષે કેટલીક નિશ્ચિત રકમ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

### આ યોજનાનો લાભ કોને મળશે ?

ભારતમાં **2 હેક્ટર** (અથવા તો **5 એકર**) **કે તેથી ઓછી જમીન** ધરાવતા **નાના અને સીમાંત ખેડૂતો**ને આ યોજનાનો લાભ મળશે.

- ભારતમાં આશરે 12 કરોડ જેટલા ખેડૂત પરિવારોને સરકારની આ યોજનાનો લાભ મળશે.

### આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને **દર વર્ષે રૂ. 6000** આપવામાં આવશે.

- આ સહાય **રૂ. 2000**ના **ત્રણ સમાન હપ્તા**માં (2000 × 3) લાભાર્થી ખેડૂતના સીધા **બેંક ખાતા**માં જ જમા થઈ જશે.

### આ યોજના માટે નાણાકીય જોગવાઈ

આ યોજના અંતર્ગત તમામ નાણાકીય સહાય **કેન્દ્ર સરકાર** દ્વારા જ કરવામાં આવશે.

- આ માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **2018-19**માં **રૂ. 20,000 કરોડ** અને **2019-20**માં **રૂ. 75,000 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

**નોંધ : PM-KISANનું પૂરું નામ 'Pradhan Mantri KIsan SAmman Nidhi' છે.**

## ICE Questions

1. તાજેતરમાં મળેલી GST કાઉન્સિલની 33મી બેઠકમાં ભારતમાં નિર્માણાધીન મકાન પરનો GST દર ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
   (A) 0 (B) 5 (C) 12 (D) 18 — **(B)**

2. તાજેતરમાં મળેલી GST કાઉન્સિલની 33મી બેઠકમાં ભારતમાં અફોર્ડેબલ એટલે કે સસ્તા ઘર પરનો GST દર 8 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
   (A) 5 (B) 4 (C) 3 (D) 1 — **(D)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ પાંચ સફાઈ કર્મચારીઓના પગ ધોઈને તેમનો આભાર માન્યો હતો ?
   (A) વારાણસી (B) ગોરખપુર (C) પ્રયાગરાજ (D) અયોધ્યા — **(C)**

4. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN)' યોજનાનો કયાંથી શુભારંભ કર્યો છે ?
   (A) વારાણસી (B) ગોરખપુર (C) પ્રયાગરાજ (D) અયોધ્યા — **(B)**

5. PM-KISAN યોજના અંતર્ગત આગામી દસ વર્ષમાં કેટલા રૂપિયા ખેડૂતોના બેંક ખાતામાં સીધા જ જમા કરાવવાની કેન્દ્ર સરકારની યોજના છે ?
   (A) રૂ. 50 હજાર કરોડ (B) રૂ. 75 હજાર કરોડ (C) રૂ. 5 લાખ કરોડ (D) રૂ. 7.5 લાખ કરોડ — **(D)**

6. 24 ફેબ્રુઆરી, 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતમાં PM-KISAN યોજનાનો પ્રારંભ કયાંથી થયો છે ?
   (A) અમદાવાદ (B) ગાંધીનગર (C) જામનગર (D) રાજકોટ — **(D)**

7. ગુજરાતમાં PM-KISAN યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાના કયા ગામના ખેડૂતના ખાતામાં સર્વપ્રથમ રૂ. 2000નો પ્રથમ હપ્તો ચૂકવાયો છે ?
   (A) માલિયાસણ (B) બેડી (C) મોવિયા (D) માધાપર — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 26 FEBRUARY, 2019 TUESDAY

### ➤ ગીરના રાષ્ટ્રીય અભયારણ્યને 'ટુરિઝમ એવોર્ડ - 2019' એનાયત



ગુજરાતના ગીરના રાષ્ટ્રીય અભયારણ્યને શ્રેષ્ઠ વન્યજીવ ધરાવતા સ્થળ માટે 'ટુરિઝમ એવોર્ડ – 2019' એનાયત થયો છે.

- ઇંડિયા ટુડે દ્વારા આ એવોર્ડ જાહેર કરાયો હતો.
- નવી દિલ્હી ખાતે કેન્દ્રીય પર્યટન મંત્રી શ્રી કે.જે. આલ્ફોન્સના હસ્તે ગુજરાત સરકાર વતી દિલ્હી સ્થિત ગુજરાત ભવનના કમિશનર શ્રીમતી આરતી કંવરે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

**નોંધ :** ગુજરાતમાં ગીરનું રાષ્ટ્રીય અભયારણ્ય વિશ્વના એકમાત્ર એશિયાટીક સિંહોના રહેઠાણ તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતું છે.

## ➤ તાપી નદીના શુદ્ધિકરણ માટે રૂ. 971 કરોડની સર્વગ્રાહી યોજનાને મંજૂરી

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતની તાપી નદીના શુદ્ધિકરણ માટે રૂ. 971 કરોડની સર્વગ્રાહી યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

- કેન્દ્ર સરકારની આ સહાયથી તાપી નદીનું શુદ્ધિકરણ થશે અને તેને આનુષંગિક બાબતો માટે આ સહાય ઉપયોગી થશે.

## ➤ ભારતના પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક (National War Memorial) નું લોકાર્પણ

25 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી ભારતના પ્રથમ 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' (National War Memorial)નું લોકાર્પણ કરાવ્યું છે.

- આઝાદી બાદ ભારત માટે શહીદી વહોરનાર વીર સૈનિકોના સન્માનમાં આ સ્મારક બનાવવામાં આવ્યું છે.
- ભારતના 1947-48, 1961(ગોવા), 1962(ચીન), 1965, 1971(પાકિસ્તાન), 1987(સિયાચીન), 1987-88(શ્રીલંકા), 1999(કારગીલ) અને 'ઓપરેશન રક્ષક' જેવા સૈન્ય અભિયાનોમાં શહીદ થયેલા ભારતીય જવાનોના નામ આ સ્મારકની દીવાલો પર લખાયેલા છે.
- આ મેમોરિયલની 16 દીવાલો ઉપર 25,942 શહીદોના નામ લખવામાં આવ્યા છે, તેમાં તેમના રેન્ક અને રેજિમેન્ટનો પણ ઉલ્લેખ કરાયો છે.

### આર્કિટેક્ચર અને ડિઝાઈન

આ નેશનલ વોર મેમોરિયલના નિર્માણ માટે એક વૈશ્વિક ડિઝાઈન સ્પર્ધાનું આયોજન થયું હતું.

- અને એપ્રિલ, 2017માં આ સ્પર્ધાના પરિણામની જાહેરાત થઈ હતી.
- જેમાં આ સ્પર્ધામાં વિજેતા ચેન્નાઈની WeBe Design Labને આ મેમોરિયલની ડિઝાઈનનું કામ સોંપવામાં આવ્યું હતું.
- આ મેમોરિયલની ડિઝાઈનમાં WeBe Design Labના ચીફ આર્કિટેક્ટ શ્રી યોગેશ ચંદ્રહસનની મહત્ત્વની ભૂમિકા છે.



## અમર જ્યોત

આ નેશનલ વોર મેમોરિયલમાં પાંચ કેન્દ્રિત વર્તુળ આવેલા છે.

- જેમાં મધ્યમાં અમર જવાનોના પ્રતીક સ્વરૂપે **'અમર જ્યોત'** આવેલી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ 'અમર જ્યોત' પ્રજ્વલિત કરીને આ મેમોરિયલનું લોકાર્પણ કર્યું હતું.
- આ મેમોરિયલમાં આ 'અમર જ્યોત'ની ફરતે ચાર ચક્રો આવેલા છે.
- આ ચાર ચક્રોના નામ **અમર ચક્ર**, **વીરતા ચક્ર**, **ત્યાગ ચક્ર** અને **રક્ષક ચક્ર** છે.

## પરમ યોદ્ધા સ્થળ

આ મેમોરિયલમાં આવેલા **'પરમ યોદ્ધ સ્થળે'** ભારતના સર્વોચ્ચ સૈન્ય સન્માન **'પરમવીર ચક્ર'** વિજેતા **21 સૈનિકો**ની અર્ધપ્રતિમા પણ મૂકવામાં આવી છે.

- જેમાં પરમવીર ચક્ર વિજેતા ત્રણ જીવિત વ્યક્તિઓ **સૂબેદાર બાનાસિંહ**, **સૂબેદાર મેજર યોગેન્દ્ર સિંહ યાદવ** અને **સૂબેદાર સંજય કુમાર**નો સમાવેશ થાય છે.

## નેશનલ વોર મેમોરિયલની અન્ય વિશેષતાઓ

- **નવી દિલ્હી**માં **ઈન્ડિયા ગેટ**ની બાજુમાં **40 એકર** વિસ્તારમાં આ મેમોરિયલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- અહીં **પ્રિન્સેસ પાર્ક** નામના વિસ્તારમાં એક **War Museum(યુદ્ધ સંગ્રહાલય)**નું પણ નિર્માણ કરવામાં આવશે.
- આ વોર મ્યુઝિયમ અને નેશનલ વોર મેમોરિયલના નિર્માણ પાછળ આશરે **રૂ. 500 કરોડ**નો ખર્ચ થવાનો અંદાજ છે.
- આ નેશનલ વોર મેમોરિયલ પરિસરમાં ભારતની ત્રણેય સેનાઓ દ્વારા લડાયેલી પ્રસિદ્ધ લડાઈઓને દર્શાવતા **કાંસાના 6 ભીંત ચિત્રો** પણ આવેલા છે.
- આ મેમોરિયલમાં એક કેન્દ્રિય **ચતુષ્કોણ સ્તંભ** પણ આવેલો છે. આ સ્તંભની મધ્યમાં **'અમર જ્યોત'** પ્રજ્વલિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ભારતમાં નેશનલ વોર મેમોરિયલના નિર્માણ માટે સૌપ્રથમ વખત **સશસ્ત્ર દળોએ 1960માં** આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

(2) **7 ઓક્ટોબર, 2015**ના રોજ **કેન્દ્રીય કેબિનેટે** **રૂ. 500 કરોડ**ના ખર્ચે **નેશનલ વોર મેમોરિયલ** અને **મ્યુઝિયમ**ના નિર્માણની મંજૂરી આપી હતી. અને **નેશનલ વોર મેમોરિયલ**ના નિર્માણ માટે **રૂ. 176 કરોડ** મંજૂર કર્યા હતા.

## India Gate

ભારતમાં **નવી દિલ્હી**ના **રાજપથ** ખાતે આવેલો **India Gate** એ એક **યુદ્ધ સ્મારક** જ છે.

- પ્રારંભમાં આ યુદ્ધ સ્મારક **'અખિલ ભારતીય યુદ્ધ સ્મારક'** તરીકે ઓળખાતું હતું.
- ઈ.સ. 1914 થી 1921 દરમિયાન **પ્રથમ વિશ્વ યુદ્ધ** તેમજ **ત્રીજા એંગ્લો - અફઘાન યુદ્ધ**માં શહીદ થયેલા આશરે 70,000 જેટલા **બ્રિટિશ ભારતીય સેના**ના સૈનિકોની યાદમાં **અંગ્રેજો**એ આ સ્મારક બનાવ્યું હતું.

- આ સ્મારકની ડિઝાઈન **સર એડવિન લ્યુટીન્સ**ના નેતૃત્વમાં તૈયાર કરવામાં આવી હતી.
- **10 ફેબ્રુઆરી, 1921**ના રોજ ઈન્ડિયા ગેટનો શિલાન્યાસ થયો હતો.
- અને **12 ફેબ્રુઆરી, 1931**ના રોજ **લોર્ડ ઈરવિન** દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ ઈન્ડિયા ગેટની સામે શરૂઆતમાં **કિંગ જ્યોર્જ–5**ની પ્રતિમા મૂકવામાં આવી હતી.

## અમર જવાન જ્યોત

ભારતમાં **1971**ના **ભારત-પાકિસ્તાન**ના યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં **ઈન્ડિયા ગેટની સામે** **'અમર જવાન જ્યોત'**નું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **26 જાન્યુઆરી, 1972**ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન **શ્રીમતી ઈન્દિરા ગાંધી** દ્વારા તેનું ઉદ્‌ઘાટન થયું હતું.
- આ સ્મારકમાં કાળા આરસના ઓટલા પર **નાળચા પર ઊભેલી એક L1A1 Self-loading Rifle** રાખવામાં આવી છે, જેના પર **સિપાહીનું હેલ્મેટ** છે.
- અને તેના **ચાર ખૂણે ચાર જ્યોત અવિરત પ્રજ્વલિત રહે છે.**
- 1971માં ભારત–પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન પ્રજ્વલિત કરાયેલી આ 'અમર જવાન જ્યોતે' તેની સ્થાપના બાદ ભારતના અજ્ઞાત સૈનિકોની સમાધિ તરીકે કાર્ય કર્યું છે.
- 26મી જાન્યુઆરી અને અન્ય રાષ્ટ્રીય પર્વે ભારતના વડાપ્રધાન તથા સશસ્ત્ર દળોના વડાઓ દ્વારા **'અમર જવાન જ્યોત'** પર શ્રદ્ધાંજલિ અર્પવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**1.** તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં કઈ નદીના શુદ્ધિકરણ માટે રૂ. 971 કરોડની સર્વગ્રાહી યોજનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) સાબરમતી (B) નર્મદા (C) તાપી (D) મહી — **(C)**

**2.** શ્રેષ્ઠ વન્યજીવ ધરાવતા સ્થળ માટે ઈન્ડિયા ટુડેનો વર્ષ 2019નો ટુરિઝમ એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) પન્ના અભયારણ્ય, મધ્યપ્રદેશ (B) વાલ્મિકી અભયારણ્ય, બિહાર
(C) કાઝીરંગા અભયારણ્ય, આસામ (D) ગીર અભયારણ્ય, ગુજરાત — **(D)**

**3.** 25 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલનું કયાંથી લોકાર્પણ કરાવ્યું છે ?
(A) પુલવામા (B) કારગીલ (C) નવી દિલ્હી (D) જમ્મુ — **(C)**

**4.** ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલની દીવાલો પર કુલ કેટલા શહીદ જવાનોના નામ અંકિત કરવામાં આવ્યા છે ?
(A) 23,942 (B) 25,942 (C) 23,542 (D) 25,542 — **(B)**

**5.** ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલની ડિઝાઈનનું કામ કઈ કંપનીને સોંપવામાં આવ્યું હતું ?
(A) Web Design Lab (B) WeBe Design Cab
(C) Web Design Cab (D) WeBe Design Lab — **(D)**

6. ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલની ડિઝાઈનના મુખ્ય આર્કિટેક્ટનું નામ શું છે ?
(A) શ્રી કમલ હસન (B) શ્રી યોગેશ કમલહસન
(C) શ્રી ચંદ્રેશ કમલહસન (D) શ્રી યોગેશ ચંદ્રહસન **(D)**

7. ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલમાં અમર જ્યોતની ફરતે આવેલા ચાર ચક્રોમાં નીચેનામાંથી કયા ચક્રનો સમાવેશ થતો નથી ?
(A) શૌર્ય ચક્ર (B) અમર ચક્ર (C) ત્યાગ ચક્ર (D) રક્ષક ચક્ર **(A)**

8. ભારતના પ્રથમ નેશનલ વોર મેમોરિયલમાં 'પરમ યોદ્ધા સ્થળે' ભારતના કેટલા પરમવીર ચક્ર વિજેતા સૈનિકોની અર્ધપ્રતિમા મૂકવામાં આવી છે ?
(A) 18 (B) 20 (C) 21 (D) 23 **(C)**

9. ભારતમાં નેશનલ વોર મેમોરિયલના નિર્માણ માટે સશસ્ત્ર દળો દ્વારા સૌપ્રથમ વખત ક્યારે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો ?
(A) 1950 (B) 1955 (C) 1960 (D) 1965 **(C)**

10. ભારતમાં અગાઉ 'અખિલ ભારતીય યુદ્ધ સ્મારક' તરીકે કયું સ્થળ પ્રસિદ્ધ હતું ?
(A) ગેટ વે ઓફ ઈન્ડિયા (B) ઈન્ડિયા ગેટ
(C) અમર જવાન જ્યોત (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

11. ભારતમાં અજ્ઞાત જવાનોના સમાધિ સ્થળ તરીકે કયું સ્થળ ઓળખાય છે ?
(A) ઈન્ડિયા ગેટ (B) ગેટ વે ઓફ ઈન્ડિયા
(C) અમર જવાન જ્યોત (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 27 FEBRUARY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 27 ફેબ્રુઆરી, World NGO Day

### ➤ ભારતના 6 એરપોર્ટનું ખાનગીકરણ



કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારતના 6 એરપોર્ટનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

- જેમાં ભારતના 6 એરપોર્ટને ઓપરેટ કરવા માટેનો કોન્ટ્રાક્ટ આપવા હરરાજી યોજાઈ હતી.
- આ અંતર્ગત Adani Enterprises એ આ તમામ 6 એરપોર્ટ ઓપરેટ કરવાનો કોન્ટ્રાક્ટ જીતી લીધો છે.
- આ 6 એરપોર્ટમાં અમદાવાદ, તિરુવનંતપુરમ, લખનૌ, મેંગલુરુ, જયપુર અને ગુવાહાટીનો સમાવેશ થાય છે.
- આ છયે એરપોર્ટના સંચાલન માટે અદાણી ગ્રુપને 50 વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.
- અમદાવાદ એરપોર્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે અદાણી ગ્રુપે પેસેન્જર દીઠ રૂ. 177ની બીડ કરી હતી. જે તમામ 6 એરપોર્ટ માટે કરાયેલી ઓફરમાં સૌથી વધુ હતી.

## ➤ 91મો ઓસ્કાર એવોર્ડ્સ 2019

25 ફેબ્રુઆરી, 2019ના રોજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલ્બી થિયેટરમાં 91મો એકેડેમી એવોર્ડ્સ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 24 કેટેગરીમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- તેમાં સૌથી વધુ 'બોહેમિયન રેપ્સોડી' નામની ફિલ્મને કુલ 4 એવોર્ડ પ્રાપ્ત થયા છે.
- જ્યારે બીજા નંબરે 'રોમા' અને 'બ્લેક પેન્થર' ફિલ્મોને ત્રણ-ત્રણ એવોર્ડ એનાયત થયા છે.
- વર્ષ 2018ની બેસ્ટ ફિલ્મનો એવોર્ડ 'ગ્રીન બુક'ને મળ્યો છે.

### ભારતમાં બનેલી ડોક્યુમેન્ટરીને 'બેસ્ટ ડોક્યુમેન્ટરી'નો એવોર્ડ

કુલ 24 કેટેગરીમાં એનાયત થતા ઓસ્કાર એવોર્ડમાં બેસ્ટ ડોકયુમેન્ટરી માટે બે એવોર્ડ એનાયત થાય છે :

(1) Best Documentary - Feature અને

(2) Best Documentary - Short Subject

- જેમાંથી ભારતમાં બનેલી ડોક્યુમેન્ટરી 'Period. End of Sentence' ને 'Best Documentary Short Subject' કેટેગરીનો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે.
- ભારતની કોઈ ફિલ્મને 10 વર્ષ બાદ ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે. આ અગાઉ વર્ષ 2009માં ભારતની 'સ્લમડોગ મિલિયોનર'ને ત્રણ ઓસ્કાર એવોર્ડ મળ્યા હતા.
- ગ્રામીણ ભારતમાં માસિકધર્મ વખતે યુવતીઓની સમસ્યાને આધારે 'પીરિયડ એન્ડ ઓફ સેન્ટેન્સ' નામની 25-26 મિનિટની ડોક્યુમેન્ટરીનું નિર્માણ થયું છે.
- આ ડોક્યુમેન્ટરી ઉત્તરપ્રદેશના હાપુર જિલ્લાના કાઠીખેડા ગામમાં સેનેટરી પેડ બનાવવાનું મશીન મૂક્યા પછી આવેલા બદલાવ પર આધારિત છે.
- આ ડોક્યુમેન્ટરીમાં કાઠીખેડા ગામની સ્નેહા નામની યુવતીની મહત્ત્વની ભૂમિકા છે.
- આ ફિલ્મનું નિર્માણ લોસ એન્જલસની ઓકવુડ સ્કૂલના વિદ્યાર્થીઓની એક ટીમ તથા તેમના શિક્ષિકા મેલિસા બર્ટન દ્વારા સ્થપાયેલા 'ધ પેડ' પ્રોજેક્ટ અંતર્ગત થયું હતું.
- આ ફિલ્મના સહનિર્માતા ભારતીય મૂળના ગુનીત મોંગા છે.
- જ્યારે દિગ્દર્શક ઈરાની–અમેરિકન રાયકા જેહતાબચી છે.




ICE FOR COMPETITIVE EXAMS ®

## ઓસ્કાર એવોર્ડ 2019

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેક્ટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | ગ્રીન બુક | જીમ બર્ક તથા અન્ય |
| 2 | બેસ્ટ એક્ટર | રામી મલેક | બોહેમિયન રેપ્સોડી |
| 3 | બેસ્ટ એક્ટ્રેસ | ઓલિવિયા કોલમેન | ધ ફેવરિટ |
| 4 | બેસ્ટ ડાયરેક્ટર | અલફાન્સો ક્યૂરો | રોમા |
| 5 | બેસ્ટ ફોરેન લેન્ગ્વેજ ફિલ્મ | રોમા | (દેશ : મેક્સિકો, ભાષા : સ્પેનિશ) |
| 6 | બેસ્ટ ડોક્યુમેન્ટરી – શોર્ટ સબ્જેક્ટ | પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ | મેલિસા બર્ટન અને રાયકા જેહતાબચી |

**નોંધ :** 91મા એકેડમી એવોર્ડમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીતેલા રામી મલેકે 'બોહેમિયન રેપ્સોડી' નામની ફિલ્મમાં જેમનું પાત્ર ભજવ્યું છે તે બ્રિટિશ ગાયક ફ્રેડી મર્ક્યુરીનું મૂળ વતન ગુજરાત છે.

## ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને **'એકેડમી એવોર્ડ્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ **'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ'** છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- **એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ** (AMPAS) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

**નોંધ :** (1) સૌથી વધુ ઓસ્કાર એવોર્ડ (કુલ 26 વખત) વોલ્ટ ડિઝનીને મળ્યા છે.

(2) જ્યોર્જ બર્નાડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ બન્ને વિશ્વકક્ષાના એવોર્ડ જીતી ચૂકયા હોય.

(3) વર્ષ 2019ના ઓસ્કાર એવોર્ડ માટે ભારતે ફિલ્મ 'વિલેજ રોકસ્ટાર'ને ઓસ્કારમાં બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મની કેટેગરીમાં મોકલી હતી. પણ તે ઓસ્કરના જયુરી મેમ્બર્સને પ્રભાવિત કરી શકી ન હતી.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| (1) | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| (2) | શ્રી સત્યજીત રે | 1992 | – |
| (3) | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (4) | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (5) | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) **શ્રીમતી ભાનુ અથૈયા :** શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ. 1983માં **'ગાંધી'** ફિલ્મ માટે **'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'**ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) **શ્રી સત્યજીત રે :** બંગાળી ફિલ્મના પ્રસિદ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના **લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ**થી નવાજવામાં આવ્યા છે.

(3) **શ્રી રેસુલ પુકુટ્ટી :** તેમને વર્ષ 2009માં **'સ્લમડોગ મિલિયોનર'** ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો.

(4) **શ્રી એ. આર. રહેમાન :** શ્રી એ. આર. રહેમાન એક સાથે **બે ઓસ્કાર એવોર્ડ** મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં **'સ્લમડોગ મિલિયોનર'** ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો....શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) **શ્રી ગુલઝાર :** ગુલઝારને વર્ષ 2009માં **'સ્લમડોગ મિલિયોનર'** ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો.... શ્રી એ. આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

### ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) **ગાંધી :** ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ (1983).

(2) **સ્લમડોગ મિલિયોનર :** સૌથી વધુ **ત્રણ ઓસ્કાર પુરસ્કાર** મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) **પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ :** વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)

### મધર ઈન્ડિયા

**શ્રી મહેબૂબ ખાન**ની ફિલ્મ **'મધર ઈન્ડિયા'** એ **ઓસ્કાર માટે નોમિનેટ થનાર પ્રથમ ભારતીય ફિલ્મ** છે. ઈ.સ. 1958માં **'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ'**ની કેટેગરીમાં તેનું નોમિનેશન થયું હતું.....પરંતુ તેને પુરસ્કાર મળ્યો ન હતો.

## ➤ Balakot Airstrike 2019

26 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતીય એરફોર્સના 12 મિરાજ 2000 ફાઈટર વિમાનોએ LoC ક્રોસ કરીને પાકિસ્તાનના બાલાકોટ, મુઝફ્ફરાબાદ અને ચાકોટીમાં આવેલા જૈશ-એ-મોહમ્મદના આતંકી કેમ્પો પર 1000 કિલોના બોમ્બ વરસાવ્યા હતા.

- જેમાં વિવિધ મીડિયા અહેવાલ અનુસાર 250 થી 350 જેટલા આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો અંદાજ છે.
- ભારતમાં 14 ફેબ્રુઆરી, 2019ના રોજ થયેલા પુલવામા એટેકના તેરમા દિવસે જ આ એરસ્ટ્રાઈક કરી હતી.
- જેમાં 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ બાદ ભારતીય એર ફોર્સે પ્રથમ વખત LoC ક્રોસ કરી હતી.



## LoC શું છે ?

LoCનું પૂરું નામ Line of Control છે. તેને **'નિયંત્રણ રેખા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **ભારત-પાકિસ્તાન** વચ્ચે થયેલા 1971ના યુદ્ધ બાદ 3 જુલાઈ, 1972ના રોજ થયેલા **સિમલા કરાર** અંતર્ગત આ રેખા અસ્તિત્વમાં આવી હતી.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે **જમ્મુ-કાશ્મીર**માં આ રેખા આવેલી છે.
- 1971ના યુદ્ધ બાદ જમ્મુ–કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાનની સેના જ્યાં હતી ત્યાં જ અટકી ગઈ હતી અને એ બંને વચ્ચે જે રેખા રચાઈ તેને **'લાઈન ઓફ કન્ટ્રોલ'** કહે છે.
- **'લાઈન ઓફ કન્ટ્રોલ'** એ કામચલાઉ સરહદ છે.

## આંતરરાષ્ટ્રીય સરહદ

ભારત અને પાકિસ્તાન વચ્ચે એક **આંતરરાષ્ટ્રીય સરહદ** પણ આવેલી છે.

- ભારત આઝાદ થયું ત્યારે સમગ્ર કાશ્મીર ભારત પાસે હતું એ સમયે **બ્રિટિશ** અધિકારી **સિરિલ રેડક્લિફે** ભારત–પાકિસ્તાન વચ્ચેની **આંતરરાષ્ટ્રીય સરહદ** નક્કી કરી હતી.
- આ આંતરરાષ્ટ્રીય સરહદની કુલ લંબાઈ 3323 **કિલોમીટર** છે.
- આઝાદી બાદ પાકિસ્તાને 1948માં કાશ્મીર પર હુમલો કરીને કાશ્મીરનો કેટલોક ભાગ તેના કબજામાં લઈ લીધો હતો.
- કાશ્મીરનો આ ભાગ આજે POK એટલે કે **'પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર'** તરીકે ઓળખાય છે.

**નોંધ :** (1) તાજેતરમાં થયેલી બાલાકોટ પરની એરસ્ટ્રાઈકમાં ભારતીય એરફોર્સે LOC ક્રોસ કરી છે, આંતરરાષ્ટ્રીય સરહદ નહિ.

(2) બાલાકોટ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના માનસેહરા જિલ્લામાં આવેલું છે.

(3) કેટલાક મીડિયા અહેવાલો અનુસાર ભારતે પાકિસ્તાનમાં બાલાકોટ, મુઝફ્ફરાબાદ અને ચાકોટીમાંથી ફક્ત બાલાકોટમાં જ એરસ્ટ્રાઈક કરી હોવાનું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Mirage 2000

Mirage 2000 એ ફ્રાન્સના મલ્ટિરોલ, સિંગલ-એન્જિન Fourth-generation ફાઈટર જેટ વિમાન છે.

- ફ્રાન્સની Dassault Aviation નામની કંપની દ્વારા આ વિમાનનું નિર્માણ કરવામાં આવે છે.
- ફ્રાન્સના આ વિમાને સૌપ્રથમ 10 માર્ચ, 1978ના રોજ પ્રથમ ઉડાન ભરી હતી.

## ICE Questions

1. 'વર્લ્ડ NGO ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 25 ફેબ્રુઆરી (B) 26 ફેબ્રુઆરી (C) 27 ફેબ્રુઆરી (D) 28 ફેબ્રુઆરી — (C)
2. તાજેતરમાં ભારતની કઈ કંપનીને ભારતના 6 એરપોર્ટ ઓપરેટ કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે ?
   (A) Indigo (B) Jet Airways (C) Trujet (D) Adani Enterprises — (D)
3. તાજેતરમાં અદાણી ગ્રૂપને કેટલા વર્ષ માટે ભારતના 6 એરપોર્ટ ઓપરેટ કરવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે ?
   (A) 25 વર્ષ (B) 30 વર્ષ (C) 40 વર્ષ (D) 50 વર્ષ — (D)

ICE Questions

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4. | તાજેતરમાં અદાણી ગ્રૂપને 50 વર્ષ માટે ભારતના 6 એરપોર્ટ ઓપરેટ કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે....આ 6 એરપોર્ટમાં નીચેનામાંથી કયા એરપોર્ટનો સમાવેશ થતો નથી ? | | | | |
| | (A) લખનૌ | (B) મુંબઈ | (C) જયપુર | (D) મેંગલુરુ | (B) |
| 5. | 25 ફેબ્રુઆરી, 2019ના રોજ કેટલામો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ? | | | | |
| | (A) 90 મો | (B) 91 મો | (C) 92 મો | (D) 93 મો | (B) |
| 6. | વર્ષ 2019માં ભારતમાં બનેલી કઈ ફિલ્મને ઓસ્કાર એવોર્ડ મળ્યો છે ? | | | | |
| | (A) વિલેજ રોકસ્ટાર | | (B) ધ શેપ ઓફ વોટર | | |
| | (C) પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ | | (D) ન્યૂટન | | (C) |
| 7. | ભારતમાં બનેલી ફિલ્મ 'પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ'ને કઈ કેટેગરીમાં વર્ષ 2019નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે ? | | | | |
| | (A) બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ | | (B) બેસ્ટ ઓરિજનલ સ્કોર | | |
| | (C) બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર | | (D) બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ | | (D) |
| 8. | તાજેતરમાં વર્ષ 2019નો બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ? | | | | |
| | (A) રોમા | (B) બ્લેક પેન્થર | (C) ગ્રીન બુક | (D) ધ શેપ ઓફ વોટર | (C) |
| 9. | વર્ષ 2019માં કઈ ફિલ્મને સૌથી વધુ ચાર ઓસ્કાર એવોર્ડ મળ્યા છે ? | | | | |
| | (A) રોમા | (B) બોહેમિયન રેપ્સોડી | (C) ગ્રીન બુક | (D) બ્લેક પેન્થર | (B) |
| 10. | વર્ષ 2019માં કયા દેશની 'રોમા' નામની ફિલ્મને બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મનો એકેડમી એવોર્ડ એનાયત થયો છે ? | | | | |
| | (A) સ્પેન | (B) ફ્રાન્સ | (C) જર્મની | (D) મેક્સિકો | (D) |
| 11. | તાજેતરમાં 26 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતીય એરફોર્સે પાકિસ્તાનના ત્રણ સ્થળોએ એરસ્ટ્રાઈક કરી હતી....આ ત્રણ સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ? | | | | |
| | (A) બાલાકોટ | (B) મુઝફ્ફરપુર | (C) મુઝફ્ફરાબાદ | (D) ચાકોટી | (B) |
| 12. | 26 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતીય એરફોર્સે પાકિસ્તાનના બાલાકોટ પર એરસ્ટ્રાઈક કરી હતી...આ બાલાકોટ પાકિસ્તાનના કયા પ્રાંતમાં આવેલું છે ? | | | | |
| | (A) પંજાબ | (B) બલૂચિસ્તાન | (C) સિંધ | (D) ખૈબર પખ્તુનખ્વા | (D) |
| 13. | 26 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતીય એરફોર્સે કયા ફાઈટર વિમાનથી પાકિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી હતી ? | | | | |
| | (A) Mig -21 | (B) Mig -23 | (C) Mirage 2000 | (D) Sukhoi Su-30 | (C) |
| 14. | મિરાજ 2000ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ? | | | | |
| | (1) તે મલ્ટિરોલ, સિંગલ–એન્જિન ફોર્થ જનરેશન ફાઈટર જેટ વિમાન છે. | | | | |
| | (2) ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. | | | | |
| | (A) 1 અને 2 | (B) ફક્ત 1 | (C) ફક્ત 2 | (D) બેમાંથી કોઈ નહિ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28 FEBRUARY, 2019 THURSDAY**

## ➢ દિવસ મહિમા : 28 ફેબ્રુઆરી, રાષ્ટ્રીય વિજ્ઞાન દિન (National Science Day)

દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 28 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારતના પ્રસિદ્ધ ભૌતિક શાસ્ત્રી સર ચંદ્રશેખર વેંકટ રામને 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી.
- આથી તેની યાદમાં ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ના 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ 'Science for the people, and the people for science' (લોકો માટે વિજ્ઞાન અને વિજ્ઞાન માટે લોકો) છે.

**નોંધ :** 'રામન ઈફેક્ટ'ની શોધ માટે સર ચંદ્રશેખર વેંકટરામન(શ્રી સી.વી.રામન)ને વર્ષ 1930માં ફિઝિક્સ(ભૌતિક શાસ્ત્ર)નો નોબલ પુરસ્કાર એનાયત થયો હતો.

## ➢ ગુજરાતના પહેલા સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગમાં GTU પ્રથમ

કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવતા નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્કના પેરામીટર્સ મુજબ તાજેતરમાં ગુજરાતમાં પણ સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્કની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાતના આ પ્રથમ સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગમાં 61.5ના સ્કોર સાથે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે છે.
- જ્યારે 61.3ના સ્કોર સાથે સરદાર પટેલ યુનિવર્સિટી બીજા અને 60.9ના સ્કોર સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ત્રીજા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ**

| રેન્ક | યુનિવર્સિટી | સ્કોર |
|---|---|---|
| 1 | GTU | 61.5 |
| 2 | સરદાર પટેલ યુનિવર્સિટી | 61.3 |
| 3 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | 60.9 |
| 4 | ગુજરાત યુનિવર્સિટી | 60.7 |
| 5 | નિરમા યુનિવર્સિટી | 60.6 |

**નોંધ :** (1) ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની 21 યુનિવર્સિટીઓ અને 57 કોલેજોના રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા છે.
(2) જેમાં પ્રથમ ક્રમે રહેલ GTUને ફોર સ્ટાર આપવામાં આવ્યા છે.

## ➤ ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 6.6 ટકા

નાણાકીય વર્ષ 2018-19ના ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 6.6 ટકા રહ્યો છે.

- જોકે નાણાકીય વર્ષ 2017-18ના સમાન ત્રિમાસિક ગાળામાં તે 7 ટકા હતો.

**2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર**

| ક્વાર્ટર | સમયગાળો | GDP વૃદ્ધિ દર |
|---|---|---|
| પ્રથમ | એપ્રિલથી જૂન – 2018 | 8.0 ટકા |
| બીજું | જુલાઈથી સપ્ટેમ્બર – 2018 | 7.0 ટકા |
| ત્રીજું | ઓક્ટોબરથી ડિસેમ્બર – 2018 | 6.6 ટકા |
| ચોથું | જાન્યુઆરીથી માર્ચ – 2019 | – |

**નોંધ :** (1) નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાનો પ્રથમ અંદાજ જારી કરવામાં આવ્યો હતો.

(2) હવે CSO (Central Statistics Office) દ્વારા આ અંદાજ ઘટાડીને 7.0 ટકા કરવામાં આવ્યો છે.

### ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 26 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી (C) 28 ફેબ્રુઆરી (D) 1 માર્ચ — (C)

2. ભારતમાં કયા વૈજ્ઞાનિકની શોધની યાદમાં 28 ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) ડૉ.હરગોવિંદ ખુરાના (B) સર ચંદ્રશેખર વેંકટ રામન
(C) શ્રી સત્યેન્દ્રનાથ બોઝ (D) શ્રી સુબ્રમણ્યમ ચંદ્રશેખર — (B)

3. વર્ષ 2019ની 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની થીમ શું છે ?
(A) Science for Nation Building
(B) Fostering Scientific Temper
(C) Scientific Issues for Development of the Nation
(D) Science for the people, and the people for Science — (D)

4. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રથમ સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગમાં ગુજરાતની કઈ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે ?
(A) ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) (B) નિરમા યુનિવર્સિટી
(C) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (D) ગુજરાત યુનિવર્સિટી — (A)

5. નાણાકીય વર્ષ 2018-19ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો છે ?
(A) 8 ટકા (B) 7 ટકા (C) 7.7 ટકા (D) 6.6 ટકા — (D)

6. CSO દ્વારા નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 7.2 ટકા રહેવાનો પ્રથમ અંદાજ જારી કરવામાં આવ્યો હતો..... આ અંદાજ સુધારીને હવે કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 7.0 ટકા (B) 7.4 ટકા (C) 7.6 ટકા (D) 6.6 ટકા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1 MARCH, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 1 માર્ચ, વર્લ્ડ સિવિલ ડિફેન્સ દિન

### ➤ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ

28 ફેબ્રુઆરી, 2019ના રોજ **અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને** જૈશ–એ–મોહમ્મદના વડા **મસૂદ અઝહર** પર પ્રતિબંધ મૂકવા માટે **સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ**માં પ્રસ્તાવ રજૂ કર્યો છે.

- સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિ આ પ્રસ્તાવ અંગે 10 દિવસમાં વિચારશે.
- આ પ્રસ્તાવમાં મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકવાદી' જાહેર કરીને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે.

#### સંયુક્ત રાષ્ટ્રમાં ચોથીવાર પ્રસ્તાવ

આતંકી મસૂદ અઝહરને 'વૈશ્વિક આતંકી' જાહેર કરીને તેના પર પ્રતિબંધ મૂકવા માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ સમક્ષ છેલ્લા 10 વર્ષમાં **ચોથીવાર** આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે.

- સૌપ્રથમ **2009**માં **ભારતે** આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.
- ત્યારબાદ **2016 અને 2017**માં **ભારત, અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ**ના સમર્થનથી આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.
- જોકે દરેક વખતે **ચીન** ટેક્નિકલ કારણો આગળ ધરીને આ પ્રસ્તાવ અટકાવતું રહ્યું છે.

#### United Nations ની Security Council શું છે ?

યુનાઈટેડ નેશન્સની Security Council (સુરક્ષા પરિષદ) એ **યુનાઈટેડ નેશન્સના મુખ્ય છ અંગોમાંનું એક અંગ** છે.

**સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો**

- (1) સુરક્ષા પરિષદ
- (2) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય
- (3) સામાન્યસભા
- (4) સચિવાલય
- (5) આર્થિક અને સામાજિક પરિષદ
- (6) ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

સંયુક્ત રાષ્ટ્રના આ મુખ્ય છ અંગોમાંથી **સુરક્ષા પરિષદ (Security Council)**નું મુખ્ય કાર્ય **આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાનું** છે.

- આ માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ પ્રસ્તાવો દ્વારા નીચેના નિર્ણયો લઈ શકે છે :

  (1) આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા માટેની કાર્યવાહી કરવી.

  (2) આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો મૂકવા.

  (3) લશ્કરી કાર્યવાહી કરવી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સુરક્ષા પરિષદ (Security Council)ના સભ્યો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં **5 કાયમી** અને **10 અલ્પકાલિક** સભ્યો મળીને કુલ **15 સભ્ય** હોય છે.

- જેમાં પાંચ કાયમી સભ્યોમાં **ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા**નો સમાવેશ થાય છે.
- જ્યારે બાકીના 10 સભ્યોની મુદત **2 વર્ષ** માટેની હોય છે. આ દસ સભ્યોને ક્ષેત્રીય આધારે સંયુક્ત રાષ્ટ્રની **સામાન્ય સભા** દ્વારા ચૂંટવામાં આવે છે.
- આ 10 સભ્યોમાંથી **દર વર્ષે 5 સભ્યો**ની ચૂંટણી થાય છે.
- સુરક્ષા પરિષદના **અધ્યક્ષ દર મહિને** મૂળાક્ષર પ્રમાણે **બદલાય છે**.
- આ અંતર્ગત **માર્ચ, 2019** દરમિયાન સુરક્ષા પરિષદનું અધ્યક્ષ પદ **ફ્રાન્સ** પાસે છે.

### સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ મંજૂર કઈ રીતે થાય છે ?

સુરક્ષા પરિષદમાં કોઈપણ પ્રસ્તાવ તેના કુલ સભ્યોની બહુમતી દ્વારા પસાર કરવામાં આવે છે.

- જોકે, સુરક્ષા પરિષદના **પાંચ કાયમી સભ્યો**ને **'વીટો પાવર'** આપવામાં આવ્યો છે.
- આથી સુરક્ષા પરિષદના આ પાંચ કાયમી સભ્યોમાંથી જો કોઈ એક સભ્ય પણ પ્રસ્તાવ અંગે અસહમત હોય તો તે બહુમતી ધરાવતો પ્રસ્તાવ પણ પોતાના 'વીટો પાવર'નો ઉપયોગ કરીને રોકી શકે છે.
- અત્યાર સુધી **ચીન** પોતાના વીટો પાવરનો ઉપયોગ કરીને જ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાનો પ્રસ્તાવ રોકતું આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મસૂદ અઝહર પર પ્રતિબંધથી શું અસર થશે ?

જો મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરીને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવે તો...

(1) મસૂદ અઝહર દુનિયાના કોઈપણ દેશનો પ્રવાસ કરી શકશે નહિ.

(2) તેની સંપત્તિ જપ્ત થશે. યુએનના બધા સભ્ય દેશોએ આતંકી મસૂદ અઝહરના તમામ પ્રકારના ફંડ અને ખાતાં ફ્રીઝ કરવા પડશે.

(3) તેની સંસ્થાઓના આર્થિક સંસાધનો પણ બ્લોક કરવામાં આવશે.

(4) યુએનના સભ્ય દેશના લોકો આતંકી મસૂદ અઝહરને કોઈપણ પ્રકારની મદદ નહીં પહોંચાડી શકે.

(5) યુએનના તમામ સભ્ય દેશોએ તેમનાં હથિયારો, તેના નિર્માણની ટેકનિક, સ્પેરપાર્ટ્સ સહિત આર્મ્સ સંબંધિત કોઈપણ સામાનનું વેચાણ કે પછી તેના સુધી પહોંચ રોકવી પડશે. પાકિસ્તાન પણ યુએનનો સભ્ય છે, આથી મસૂદના આતંકીઓ પાસે પાકિસ્તાન કે ચીનમાં બનેલા હથિયારો પકડાશે તો પાકિસ્તાન સમગ્ર વિશ્વમાં ઉઘાડો પડી જશે.

## ➤ ગુજરાત હાઈકોર્ટમાં બે નવા ન્યાયમૂર્તિની નિમણૂક

**ગુજરાત હાઈકોર્ટ**માં બે નવા ન્યાયમૂર્તિઓ **જસ્ટિસ ભાર્ગવ કારિયા** અને **જસ્ટિસ સંગીતા વિશેન**ની નિમણૂકની કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

- હાલની જોગવાઈ અનુસાર **ગુજરાત હાઈકોર્ટ**માં વધુમાં વધુ **52 જજ** રાખી શકાય છે.
- ગુજરાત હાઈકોર્ટમાં હાલ **28 જજો** કાર્યરત છે. આ બે નવા જજોની નિયુક્તિ બાદ ગુજરાત હાઈકોર્ટમાં કાર્યરત જજોની કુલ સંખ્યા **30** થશે.

## હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 24 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જુલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજયો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના અનુચ્છેદ 216 અનુસાર દરેક હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ નક્કી કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 217 અનુસાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તથા સંબંધિત રાજયના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે.
- અનુચ્છેદ 217 અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશોની નિયુક્તિ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, સંબંધિત રાજ્યના રાજ્યપાલ અને એ રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહ પ્રમાણે કરે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા 10 વર્ષનો ન્યાયાધીશનો અનુભવ હોવો જોઈએ.

અથવા

ઓછામાં ઓછા 10 વર્ષ સુધી હાઈકોર્ટમાં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ (મુદત)

ભારતીય બંધારણના અનુચ્છેદ-217(1) મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ 62 વર્ષની વય સુધી પોતાના પદ ઉપર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

અનુચ્છેદ 219 અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ રાજ્યપાલ કે રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ સમક્ષ યોજાય છે.

વર્તમાન સમયે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર રૂા. 2,50,000 પ્રતિમાસ અને અન્ય ન્યાયાધીશોનો પગાર રૂા. 2,25,000 પ્રતિમાસ છે.

## ➤ લઘુત્તમ ટેકાના ભાવથી ગુજરાત સરકાર દ્વારા ઘઉંની ખરીદી

**15 માર્ચ, 2019થી 31 મે, 2019 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવામાં આવશે.**

- આ માટે ગુજરાત સરકાર દ્વારા ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 1840 અને પ્રતિ મણ રૂ. 368 નિયત કરવામાં આવ્યા છે.
- આ લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંના વેચાણ માટે ખેડૂતો 1 થી 30 માર્ચ, 2019 દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

### ICE Questions

1. 'વર્લ્ડ સિવિલ ડિફેન્સ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

2. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ કોણે રજૂ કર્યો છે ?
(A) ભારત (B) ફ્રાન્સ
(C) ભારત, બ્રિટન, ફ્રાન્સ (D) અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ **(D)**

3. યુનાઈટેડ નેશન્સની સુરક્ષા પરિષદના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) તેમાં 5 કાયમી અને 10 અલ્પકાલિક એમ કુલ 15 સભ્યો હોય છે.
(2) તેના અધ્યક્ષ દર મહિને બદલાય છે.
(3) ફક્ત કાયમી સભ્યો જ તેના અધ્યક્ષ બની શકે છે.
(A) 1, 2, 3 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) ફક્ત – 1 **(B)**

4. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં કયા બે નવા ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવી છે ?
(A) જસ્ટિસ રંજન કારિયા અને જસ્ટિસ સંગીતા વિશેન
(B) જસ્ટિસ ભાર્ગવ કારિયા અને જસ્ટિસ સંગીતા વિશેન
(C) જસ્ટિસ રંજન કારિયા અને જસ્ટિસ સરોજ વિશેન
(D) જસ્ટિસ ભાર્ગવ કારિયા અને જસ્ટિસ સરોજ વિશેન **(B)**

5. વર્ષ 2019 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ કેટલા લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવામાં આવશે ?
(A) રૂ. 1640 (B) રૂ. 1740 (C) રૂ. 1840 (D) રૂ. 1940 **(C)**

6. વર્ષ 2019 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા પ્રતિ મણ કેટલા લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવામાં આવશે ?
(A) રૂ. 358 (B) રૂ. 368 (C) રૂ. 378 (D) રૂ. 388 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**2 MARCH, 2019 SATURDAY**

## ➤ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના નવા કુલપતિ


ગુજરાતમાં ગોધરા ખાતે આવેલી <u>શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના</u> <u>બીજા કુલપતિ</u> તરીકે <u>ડો. પ્રતાપસિંહ ચૌહાણની</u> નિમણૂક કરવામાં આવી છે.

- ડો. પ્રતાપસિંહ ચૌહાણે આ અગાઉ વર્ષ 2015 થી 2018 દરમિયાન <u>સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના</u> <u>16મા કુલપતિ</u> તરીકે સફળ કામગીરી કરી હતી.

**નોંધ :** (1) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની સ્થાપના <u>2015</u>માં થઈ હતી.
(2) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ <u>ડો. એમ.કે. પાડલિયા</u> હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય



## ➤ વિશ્વનો સૌથી મોટો જિયોલોજિકલ સફારી પાર્ક

ગુજરાતમાં કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં વિશ્વનો સૌથી મોટો જિયોલોજિકલ સફારી પાર્ક બનાવવાની ગુજરાત સરકારની યોજના છે.

- સ્ટેચ્યુ ઓફ યુનિટીથી 1 કિલોમીટરના અંતરે આ પાર્કનું નિર્માણ કરવામાં આવશે.

### સફારી પાર્કની વિશેષતા

(1) 100 એકર વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો જિયોલોજિકલ સફારી પાર્ક બનશે.

(2) આ પાર્કમાં વિશ્વના 7 ખંડોમાંથી પક્ષીઓ અને પ્રાણીઓ લાવવામાં આવશે. આથી અહીં વિશ્વના સાતેય ખંડોના પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળશે.

(3) 6 વિભાગોમાં આકાર લેનારા આ પાર્કનું શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી નામાભિધાન કરવામાં આવશે.

## ➤ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (OIC)ના સંમેલનમાં ભારત ગેસ્ટ ઓફ ઓનર

1-2 માર્ચ 2019 દરમિયાન સંયુક્ત આરબ અમિરાતની રાજધાની અબુધાબીમાં ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (OIC)ના વિદેશ મંત્રીઓની 46મી બેઠકનું આયોજન થયું હતું.

- OICના વિદેશ મંત્રીઓની આ બેઠકમાં ભારતને 50 વર્ષમાં સૌપ્રથમ વખત મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- આ બેઠકમાં ભારતના વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.
- OICની બેઠકમાં ભારતને આમંત્રણ અપાતા નારાજ પાકિસ્તાને આ બેઠકમાં ભાગ લીધો ન હતો.

### OIC શું છે ?

OICનું પૂરું નામ 'Organisation of Islamic Cooperation' છે.

- OICએ વિશ્વના મુસ્લિમ દેશોનું એક સંગઠન છે.
- 24 મુસ્લિમ દેશો દ્વારા 1969માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- હાલ 57 દેશો આ સંગઠનના સભ્યો છે.
- સભ્યોની સંખ્યાની દષ્ટિએ OIC સંયુક્ત રાષ્ટ્ર પછી વિશ્વનું બીજું સૌથી મોટું સંગઠન છે.
- આ સંગઠન અગાઉ 'ઓર્ગેનાઈઝેશન ઓફ ધ ઈસ્લામિક કોન્ફરન્સ' તરીકે ઓળખાતું હતું.
- જોકે વર્ષ 2011માં તેનું નામ બદલીને 'ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન' (OIC) કરવામાં આવ્યું છે.
- તેનું હેડક્વાર્ટર સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે આવેલું છે.

**નોંધ :** (1) વર્ષ 2019માં OICના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે.

(2) ભારતના પાડોશી દેશોમાંથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ OICના સભ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## OIC માં ભારતને આમંત્રણનું કૂટનીતિક મહત્ત્વ

મુસ્લિમ વસતીની દષ્ટિએ **ઇન્ડોનેશિયા** અને **પાકિસ્તાન** બાદ **ભારત** **ત્રીજો** સૌથી મોટો દેશ છે.

- તેમ છતાં ભારત OICનું સભ્ય નથી. ભારતને નિરીક્ષક રાષ્ટ્રનો દરજ્જો પણ આપવામાં આવ્યો નથી.
- **1969**માં ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ **શ્રી ફખરુદ્દીન અલી અહેમદ**ને OICના પ્રથમ સંમેલનમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- પરંતુ પાકિસ્તાનના વિરોધને કારણે આ આમંત્રણ રદ થયું હતું અને ભારતીય પ્રતિનિધિ મંડળે અડધે રસ્તેથી પાછા ફરવું પડ્યું હતું.
- આ સંજોગોમાં OIC તરફથી મુખ્ય અતિથિ તરીકે ભારતને આમંત્રણ આપવું એ પાકિસ્તાનને મોટો ફટકો છે. અને તે ભારતનો એક મોટો કૂટનીતિક વિજય છે.
- પાકિસ્તાન હંમેશાથી આ પ્લેટફોર્મનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરતું આવ્યું છે, તે અહીંથી કાશ્મીરનો મુદ્દો પણ હંમેશા ઉઠાવતું રહ્યું છે.
- એ જ પ્લેટફોર્મ પરથી તાજેતરમાં **શ્રીમતી સુષ્મા સ્વરાજે** આતંકવાદ અંગે નામ લીધા વિના જ પાકિસ્તાનને ઘેર્યું હતું અને આતંકી સંગઠનોના ટેરર ફન્ડિંગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી.



## ➤ ઈન્ડિયન એર ફોર્સના જાંબાજ વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાન



27 ફેબ્રુઆરી, 2019ના રોજ પાકિસ્તાનના કેટલાક વિમાનોએ ભારતની સરહદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.

- આ સમયે ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર **શ્રી અભિનંદન વર્ધમાને** પોતાના **MiG - 21 વિમાન** દ્વારા **પાકિસ્તાનનું** એક **F-16 વિમાન** તોડી પાડ્યું હતું.
- જમ્મુ–કાશ્મીરમાં LoC પાસે આવેલા **રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરના** આકાશમાં આ ઘટના ઘટી હોવાનું કહેવાય છે.
- જેમાં વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનનું મિગ – 21 વિમાન પણ ક્રેશ થઈ ગયું હતું. જે POKના ભીંબરમાં પડ્યું હતું.
- આથી, પાકિસ્તાની સેનાએ શ્રી અભિનંદન વર્ધમાનને કેદ કરી લીધા હતા.
- જોકે, ત્યારબાદ ફક્ત 60 કલાકમાં જ પાકિસ્તાને તેમને મુક્ત કરીને વાઘા સરહદેથી ભારતને સોંપવા પડ્યા હતા.

### શ્રી અભિનંદન વર્ધમાન



શ્રી અભિનંદન વર્ધમાન ઈન્ડિયન એર ફોર્સમાં **વિંગ-કમાન્ડર** છે.

- તેમનો જન્મ **તમિલનાડુ**માં થયો હતો.
- **નેશનલ ડિફેન્સ એકેડમી**માંથી તેઓ ગ્રેજ્યુએટ થયા છે.
- તેઓ 2004માં ઈન્ડિયન એરફોર્સમાં **ફાઈટર પાયલટ** તરીકે જોડાયા હતા.
- **MiG-21** અગાઉ તેઓ **Su-30 MKI**ના પાયલટ હતા.
- તેમનો સર્વિસ નંબર **27981** છે.
- તેમના માતા **ડોક્ટર** છે અને તેમના પિતા **શ્રી સિમ્હાકુટ્ટી વર્ધમાન** ઈન્ડિયન એર ફોર્સમાં **એર માર્શલ** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જિનિવા સંધિ શું છે ?

**સ્વિત્ઝર્લેન્ડના** **જિનિવા** ખાતે **શ્રી હેન્રી દુનન્ત** દ્વારા સૌપ્રથમ **1864**માં આ સંધિ અંગેના કેટલાક નિયમો રજૂ કરવામાં આવ્યા હતાં.

- જિનીવા સંધિએ 4 કરાર અને 3 પ્રોટોકોલનો સમૂહ છે. પ્રથમ અને બીજા વિશ્વ યુદ્ધ બાદ તેમાં 1929 અને 1949માં કેટલાક મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા હતા.
- આજે એ સંધિ માનવા આખું વિશ્વ બંધાયેલું છે.
- આ સંધિ યુદ્ધમાં પકડાયેલા સૈનિકો અને સામાન્ય નાગરિકોને રક્ષણ આપે છે.
- આ સંધિ અનુસાર સામાન્ય કેદી અને યુદ્ધ કેદી વચ્ચે ફરક હોય છે, આથી તેમની સાથેનું વર્તન પણ અલગ અલગ રીતે થવું જોઈએ.

### સંધિની મુખ્ય જોગવાઈ

(1) આ સંધિ મુજબ પકડાયેલા યુદ્ધ કેદીને બંને દેશો વચ્ચે શાંતિ સ્થપાય એ સાથે તુરંત મુક્ત કરી દેવા જોઈએ.
(2) પકડાયેલા યુદ્ધ કેદીને કોઈ શારીરિક નુકશાન ન થવું જોઈએ, તેમજ તેના જીવ પર ખતરો ન હોવો જોઈએ.
(3) આ સંધિ અનુસાર કેદી કોણ છે તેની જાણ કરવા માટે ફોટો કે વીડિયો કે ખુદ કેદીને જાહેરમાં લાવવો ન જોઈએ.

## ICE ? Questions

1. ગુજરાતમાં ગોધરા ખાતે આવેલી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના બીજા કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડો. એમ.કે. પાડલિયા (B) ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ
(C) ડો. પ્રતાપસિંહ ચૌહાણ (D) ડો. રાજેન્દ્રસિંહ ચૌહાણ **(C)**

2. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં કઈ જગ્યાએ વિશ્વનો સૌથી મોટો જિયોલોજિકલ સફારી પાર્ક સ્થાપવાની યોજના બનાવવામાં આવી છે ?

(A) ગાંધીનગર (B) જૂનાગઢ (C) ગીર સોમનાથ (D) કેવડિયા **(D)**

3. 1 - 2 માર્ચ 2019 દરમિયાન OICના વિદેશ મંત્રીઓની બેઠક કયાં યોજાઈ હતી ?

(A) જેદ્દાહ (B) અબુધાબી (C) દુબઈ (D) રિયાધ **(B)**

4. 1 - 2 માર્ચ 2019 દરમિયાન OICની કેટલામી બેઠકમાં ભારતના વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે મુખ્ય અતિથિ તરીકે ભાગ લીધો હતો ?

(A) 40મી (B) 42મી (C) 44મી (D) 46મી **(D)**

5. OICનું પૂરું નામ શું છે ?

(A) Organisation of Islamic Quntry (B) Organisation of Islamic Companies
(C) Organisation of Islamic Corporation (D) Organisation of Islamic Cooperation **(D)**

6. ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાને કયા વિમાન દ્વારા પાકિસ્તાનનું F - 16 વિમાન તોડી પાડ્યું હતું ?

(A) MiG - 27 (B) MiG - 21 (C) Mirage 2000 (D) Su-30 MKI **(B)**

7. ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાનનો જન્મ કયાં થયો હતો ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) તેલંગણા (D) કેરળ **(A)**

8 શ્રી અભિનંદન વર્ધમાન ભારતીય હવાઈ દળમાં પાયલટ તરીકે ક્યારથી જોડાયા હતા ?

(A) 2002 (B) 2003 (C) 2004 (D) 2005 **(C)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ રાષ્ટ્રીય એગ્રી યુથ ફેસ્ટિવલ

ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 19મી ઓલ ઈન્ડિયા ઈન્ટર એગ્રિકલ્ચર યુનિવર્સિટીના રાષ્ટ્રીય કક્ષાના યૂથ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો હતો. આ યુથ ફેસ્ટિવલમાં ભારતની 70 જેટલી કૃષિ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### ➤ કારઠ-કંબોઈમાં શ્રી ગોવિંદ ગુરુ સમાધિ સ્થાનને પ્રવાસનધામ તરીકે વિકસાવાશે

ગુજરાતમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કારઠ-કંબોઈ ખાતે શ્રી ગોવિંદ ગુરુ સમાધિ સ્થાનને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાના વિકાસ કાર્યનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખાતમુહૂર્ત કર્યું છે. આદિવાસીઓના ગુરુ એવા શ્રી ગોવિંદ ગુરુએ ભારતની આઝાદી માટે 1500 જેટલા આદિવાસીઓ સાથે અંગ્રેજો સામે લડી સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ Defence Youth Feasta (DYF) Exhibition-Rajkot

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં રાજકોટના રેસ કોર્ષ ખાતે ચાર દિવસીય 'ડીફેન્સ યુથ ફિએસ્ટા' એક્ઝીબિશનનો પ્રારંભ કરાવ્યો હતો. આ એક્ઝીબિશનની થીમ 'Know your Defence Forces' હતી.

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આત્મીય યુનિવર્સિટીનો વિધિવત પ્રારંભ

24 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે તકતીનું અનાવરણ કરીને આત્મીય યુનિવર્સિટીનો વિધિવત પ્રારંભ કરાવ્યો છે.

### ➤ દ્વાદશ જ્યોતિર્લિંગ મહોત્સવ

તાજેતરમાં 23થી 25 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતના સોમનાથ મંદિર ખાતે દ્વિતીય દ્વાદશ જ્યોતિર્લિંગ મહોત્સવનું આયોજન થયું હતું. આ મહોત્સવમાં વર્ષ 2020માં તૃતીય દ્વાદશ જ્યોતિર્લિંગ મહોત્સવ કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગ બનારસ ખાતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ➤ ગુજરાતમાં જોવા મળેલા એક માત્ર વાઘનું નિધન

ગુજરાતમાં 34 વર્ષ બાદ **મહીસાગર** જિલ્લામાં જોવા મળેલા **એક માત્ર વાઘ**નું નિધન થયું છે. **મહીસાગર** જિલ્લાના **લુણાવાડા** તાલુકાના **કંતારના જંગલ**માંથી આ વાઘનો મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળી આવ્યો છે.

## ભારત

### ➤ BOBના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન પદે શ્રી હસમુખ અઢિયાની નિમણૂક

ભારતના પૂર્વ નાણા સચિવ **શ્રી હસમુખ અઢિયા**ની **બેન્ક ઓફ બરોડા**ના **નોન એક્ઝિક્યુટિવ ચેરમેન** તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ પાર્ટ ટાઈમ નોન ઓફિશિયલ ડાયરેક્ટર પણ રહેશે. તેમની આ નિમણૂક 3 વર્ષ માટે કરવામાં આવી છે.

### ➤ ભારતીય અર્થતંત્રના વિકાસનો મૂડીઝનો અંદાજ

અમેરિકા સ્થિત પ્રસિદ્ધ રેટિંગ એજન્સી **મૂડીઝ** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા તેના **ત્રિમાસિક ગ્લોબલ મેક્રો આઉટલુક**માં **2019** અને **2020**માં ભારતીય અર્થતંત્રનો વિકાસ દર 7.3 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

## વિશ્વ

### ➤ સાઉથ આફ્રિકામાં ટેસ્ટ સીરિઝ જીતનાર શ્રીલંકા પ્રથમ એશિયન ટીમ

તાજેતરમાં **સાઉથ આફ્રિકા**ના પ્રવાસે ગયેલી **શ્રીલંકા**ની ક્રિકેટ ટીમે **બે ટેસ્ટ મેચ**ની સીરિઝ **2-0**થી જીતી લીધી છે. આ સાથે જ **શ્રીલંકા**ની ટીમ **સાઉથ આફ્રિકા**માં ટેસ્ટ સીરિઝ જીતનાર **એશિયાની પ્રથમ ટીમ** બની ગઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ કૃષિ યુનિવર્સિટીમાંથી 19મી ઓલ ઈન્ડિયા ઈન્ટર એગ્રિકલ્ચર યુનિવર્સિટીના રાષ્ટ્રીય કક્ષાના યુથ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો હતો ? – દાંતીવાડા
- ગુજરાત સરકારે ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલા આદિવાસીઓના ગુરૂ શ્રી ગોવિંદ ગુરૂ સમાધિ સ્થાનને પ્રવાસનધામ તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે ? – કારઠ–કંબોઈ (દાહોદ)
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કયાંથી 'ડીફેન્સ યુથ ફિએસ્ટા એક્ઝિબિશન'નો પ્રારંભ કરાવ્યો હતો ? – રાજકોટ
- સાઉથ આફ્રિકામાં ટેસ્ટ સીરિઝ જીતનાર પ્રથમ એશિયન ક્રિકેટ ટીમનું નામ શું છે ? – શ્રીલંકા
- 24 ફેબ્રુઆરી 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તકતીનું અનાવરણ કરીને ગુજરાતમાં કઈ યુનિવર્સિટીનો વિધિવત પ્રારંભ કરાવ્યો છે ? – આત્મીય યુનિવર્સિટી
- તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ દ્વાદશ જ્યોતિર્લિંગ મહોત્સવનું આયોજન થયું હતું ? – સોમનાથ
- તાજેતરમાં ગુજરાતમાં જોવા મળેલા એકમાત્ર વાઘનો મૃતદેહ મહિસાગર જિલ્લાના કયા તાલુકાના કંતારના જંગલમાંથી મળી આવ્યો છે ? – લુણાવાડા
- તાજેતરમાં ભારતના પૂર્વ નાણા સચિવ શ્રી હસમુખ અઢિયાની કઈ બેન્કના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – બેન્ક ઓફ બરોડા
- વર્ષ 2019 અને 2020 દરમિયાન મૂડીઝના અંદાજ અનુસાર ભારતીય અર્થતંત્રનો વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 7.3 ટકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વર્ષ 2019-20ના ગુજરાત સરકારના બજેટના મહત્ત્વના પ્રશ્નો

ICE Questions

1. તાજેતરમાં 19 ફેબ્રુઆરી, 2019ના રોજ શ્રી નીતિનભાઈ પટેલે નાણાંકીય વર્ષ 2019-20ના કેટલા મહિનાના ખર્ચના નાણા મંજૂર કરવા ગુજરાત વિધાનસભામાં લેખાનુદાન રજૂ કર્યું છે ?
   (A) 1 મહિના (B) 2 મહિના (C) 3 મહિના (D) 4 મહિના **(D)**

2. સાચાં જોડકાં જોડો.

| | બંધારણીય જોગવાઈ | | અનુચ્છેદ |
|---|---|---|---|
| 1. | કેન્દ્ર સરકારનું બજેટ | a. | 202 |
| 2. | રાજ્ય સરકારનું બજેટ | b. | 112 |
| 3. | કેન્દ્ર સરકારનું લેખાનુદાન | c. | 206 |
| 4. | રાજ્ય સરકારનું લેખાનુદાન | d. | 116 |

   (A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - b, 2 - a, 3 - d, 4 - c
   (C) 1 - d, 2 - c, 3 - b, 4 - a (D) 1 - b, 2 - a, 3 - c, 4 - d **(B)**

3. લેખાનુદાન વિશે નીચેનામાંથી કયું/કયાં વિધાન સાચું/સાચાં છે ?
   1. લેખાનુદાન સંસદ/વિધાનસભા ગૃહમાં ચર્ચા કર્યા વગર પસાર કરવામાં આવતું નથી.
   2. લેખાનુદાન જો 2 મહિના માટેનું હોય તો કુલ બજેટના 1/6 નાણાં ઉપાડવાની મંજૂરી આપવામાં આવે છે.
   (A) ફક્ત – 1 (B) ફક્ત – 2 (C) 1 અને 2 બંને (D) એકપણ નહીં **(B)**

4. વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતના અર્થતંત્રનો વૃદ્ધિ દર કેટલા ટકા છે ?
   (A) 9.9% (B) 10.9% (C) 11.2% (D) 11.9% **(C)**

5. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ માહિતી અનુસાર વર્ષ 2017-18 દરમિયાન ચાલુ ભાવે ગુજરાતની ચોખ્ખી માથાદીઠ આવક કેટલી છે ?
   (A) રૂ. 1,74,652 (B) રૂ. 1, 30,652 (C) રૂ. 78,652 (D) રૂ. 74,652 **(A)**

6. વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતની માથાદીઠ આવક ભારતની માથાદીઠ આવક કરતા કેટલા ટકા વધારે છે ?
   (A) 45% (B) 35% (C) 54.8% (D) 58.4% **(C)**

7. સરકારી આંકડા અનુસાર વર્ષ 2017-18માં ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો કેટલા ટકા છે ?
   (A) 19% (B) 20% (C) 21% (D) 22% **(D)**

8. વર્ષ 2017-18 દરમિયાન ભારતની નિકાસમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
   (A) આંધ્રપ્રદેશ (B) ગુજરાત (C) મહારાષ્ટ્ર (D) પશ્ચિમ બંગાળ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

9. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટનું કુલ કદ અથવા તો કુલ ખર્ચ કેટલો છે ?
(A) રૂ. 1,91,817 કરોડ (B) રૂ. 91,817 કરોડ
(C) રૂ. 2,91,817 કરોડ (D) 1 લાખ કરોડ
(A)

10. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2019ના એપ્રિલથી જુલાઈ સુધીના ચાર માસ માટે કેટલા રૂપિયાનું લેખાનુદાન રજૂ કરવામાં આવ્યું છે ?
(A) રૂ. 1,91,817 કરોડ (B) રૂ. 8151 કરોડ (C) રૂ. 31,969 કરોડ (D) રૂ. 63,939 કરોડ
(D)

11. નાણાકીય વર્ષ 2019-20ના ગુજરાત સરકારના બજેટમાં કેટલી મહેસૂલી પુરાંત રહેવાનો અંદાજ છે ?
(A) રૂ. 9,862 કરોડ (B) રૂ. 8,151 કરોડ (C) રૂ. 4,862 કરોડ (D) રૂ. 6, 379 કરોડ
(A)

12. નાણાકીય વર્ષ 2019-20 માટે ગુજરાત સરકારના બજેટમાં રાજકોષીય ખાદ્યનું લક્ષ્યાંક રાજ્યના કુલ ઘરગથ્થુ ઉત્પાદનના કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
(A) 1.42% (B) 1.71% (C) 2.13% (D) 1.08%
(D)

13. ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા ખેડૂતોને મળતી વ્યાજ સહાય એક સાથે અને સમયસર મળી રહી તે માટે રાજ્ય સરકાર દ્વારા કેટલા રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ ઉભું કરવામાં આવશે ?
(A) રૂ. 100 કરોડ (B) રૂ. 200 કરોડ (C) રૂ. 400 કરોડ (D) રૂ. 500 કરોડ
(D)

14. ગીર અને કાંકરેજ ગાયો તથા ભેંસોમાં વધુ પ્રમાણમાં વાછરડીઓ અને પાડીઓ જન્મે તે માટે ગુજરાતના કયા સ્થળે સેક્સ સિમેન લેબોરેટરી સ્થાપવામાં આવશે ?
(A) બનાસકાંઠા (B) પાટણ (C) કાંકરેજ (D) જૂનાગઢ
(B)

15. તાજેતરમાં બજેટમાં કરેલી જાહેરાત અનુસાર દરિયામાં માછીમારી દરમિયાન પાકિસ્તાન દ્વારા પકડીને ત્યાંની જેલોમાં રાખવામાં આવતા ગુજરાતના માછીમારોના પરિવારનું દૈનિક નિર્વાહ ભથ્થું રૂ.150થી વધારીને કેટલું કરવામાં આવ્યું છે ?
(A) રૂ. 200 (B) રૂ. 250 (C) રૂ. 300 (D) રૂ. 350
(C)

16. તાજેતરમાં ગુજરાત સરકારના બજેટ ભાષણમાં કરવામાં આવેલ જાહેરાત અનુસાર 'મા' અને 'મા વાત્સલ્ય' યોજનાના લાભાર્થીની વાર્ષિક આવક મર્યાદા રૂ. 3 લાખથી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) રૂ. 3.5 લાખ (B) રૂ. 4 લાખ (C) રૂ. 4.5 લાખ (D) રૂ. 5 લાખ
(B)

17. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીઓમાં સેવા આપતી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના માસિક વેતનમાં ક્રમશઃ કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 800 અને રૂ. 400 (B) રૂ. 1000 અને રૂ. 500
(C) રૂ. 1500 અને રૂ. 750 (D) રૂ. 900 અને રૂ. 450
(D)

18. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ કમ્પોઝીટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્ષ–2018માં દેશનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) ગુજરાત (B) ગોવા (C) પશ્ચિમ બંગાળ (D) આંધ્ર પ્રદેશ
(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

19. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર જામનગરના જોડીયા બાદ ગુજરાતમાં કેટલા નવા ડી–સેલીનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવશે ?
(A) 6 (B) 7 (C) 8 (D) 9 **(C)**

20. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં માછીમારો માટેની ડીઝલ સબસિડી પ્રતિ લિટર રૂ.12થી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(A) રૂ. 13 (B) રૂ.14 (C) રૂ. 15 (D) રૂ. 16 **(C)**

21. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ગુજરાતના કયા જિલ્લામાં નવા માછલી સંગ્રહ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે ?
(A) સુરત (B) નવસારી (C) વસલાડ (D) પોરબંદર **(C)**

22. વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતના કૃષિ ઉત્પાદનનો વૃદ્ધિ દર કેટલા ટકા હતો ?
(A) 7.30 ટકા (B) 12.11 ટકા (C) 11.12 ટકા (D) 10.12 ટકા **(B)**

23. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થી પરિવારોને રૂ. 3 લાખને બદલે હવે કેટલા લાખ રૂપિયા સુધીની સુરક્ષા પૂરી પાડવામાં આવશે ?
(A) 4 લાખ (B) 4.5 લાખ (C) 5 લાખ (D) 6 લાખ **(C)**

24. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં આશા વર્કર બહેનોનાં પગારમાં માસિક કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવશે ?
(A) 1000 (B) 1500 (C) 2000 (D) 2500 **(C)**

25. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં ગુજરાતમાં વર્ષ 2019-20 દરમિયાન નવી ત્રણ મેડિકલ કોલેજો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ત્રણ કોલેજમાં નીચેનામાંથી કઈ કોલેજનો સમાવેશ થતો નથી ?
(A) નડિયાદ (B) વિસનગર (C) અમરેલી (D) દાહોદ **(D)**

26. ગુજરાત સરકારની ઓર્ગેનિક પોલિસી અંતર્ગત ગુજરાતમાં કઈ જગ્યાએ ઓર્ગેનિક યુનિવર્સિટી સ્થાપવાની ગુજરાત સરકારની યોજના છે ?
(A) હાલોલ, પંચમહાલ (B) ચોટીલા , સુરેન્દ્રનગર (C) સાણંદ, અમદાવાદ (D) ગાંધીનગર **(A)**

27. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બેજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે.
1. વિધવા બહેનોને હવે આજીવન પેન્શન મળશે.
2. તેમના પેન્શનમાં રૂ. 250નો વધારો કરીને હવે તેમને દર મહિને રૂ. 1250 પેન્શન આપવામાં આવશે.
(A) 1 અને 2 (B) ફક્ત–1 (C) ફક્ત–2 (D) બેમાંથી કોઈ નહિ **(A)**

28. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં વૃદ્ધાવસ્થા પેન્શનમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 25 ટકા (B) 50 ટકા (C) 100 ટકા (D) 200 ટકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

29. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં ગુજરાતના મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારોમાં કુલ કેટલા નવા ફ્લાયઓવર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 21 (B) 54 (C) 75 (D) 85 **(C)**

30. ગુજરાતમાં વર્ષ 2025 સુધીમાં બિનપરંપરાગત ઊર્જાનું ઉત્પાદન કેટલા મેગાવોટ સુધી લઈ જવાનું ગુજરાત સરકારનું આયોજન છે ?
(A) 15, 700 (B) 16, 700 (C) 18, 700 (D) 19, 700 **(D)**

31. વર્ષ 2017-18માં ગુજરાતનો માથાદીઠ વાર્ષિક વીજ વપરાશ કેટલા યુનિટ છે ?
(A) 1424 (B) 1807 (C) 2007 (D) 2024 **(C)**

32. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં સૂર્ય શક્તિ કિસાન યોજના અંતર્ગત વર્ષ 2019-20માં રૂ. 3600 કરોડના ખર્ચે કેટલા નવા ફિડરો કાર્યાન્વિત કરવામાં આવશે ?
(A) 500 (B) 1000 (C) 1200 (D) 1500 **(B)**

33. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2019-20 દરમિયાન ગુજરાતમાં કેટલા નવા સમરસ છાત્રાલય શરૂ કરવામાં આવશે ?
(A) 5 (B) 7 (C) 8 (D) 12 **(C)**

34. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટ અનુસાર ગુજરાત સરકારની કુલ આવકમાંથી સૌથી વધુ આવક શેમાંથી થશે ?
(A) રાજ્ય GST (B) રાજ્ય GST સિવાયના રાજ્ય સરકારના ટેક્સ
(C) જાહેર દેવું (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

35. ગુજરાત સરકારના વર્ષ 2019-20ના બજેટના કુલ કદમાંથી વિકાસલક્ષી ખર્ચનો હિસ્સો કેટલા ટકા છે ?
(A) 56.94 ટકા (B) 58. 94 ટકા (C) 60.94 ટકા (D) 62. 94 ટકા **(A)**

36. વર્ષ 2019-20ના ગુજરાત સરકારના બજેટમાં વિવિધ સેક્ટરમાં થયેલી વિકાસલક્ષી ખર્ચની ફાળવણીમાં સૌથી વધુ હિસ્સો કયા સેક્ટરનો છે ?
(A) શિક્ષણ, રમત–ગમત, કલા અને સંસ્કૃતિ
(B) કૃષિ, સિંચાઈ અને ગ્રામ વિકાસ
(C) પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસન અને શહેરી વિકાસ
(D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા
માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન
મટીરિયલ્સની માહિતી માટે
icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી
મેળવવા માટે અમારી
નવી AUTHENTIC
TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.